eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 194
August 28, 2009

## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ

ચોમાસા દરમ્યાન પ્રતિ સપ્તાહ સુરત મહાનગરપાલિકા દ્વારા આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. જે મુજબ તા. ૨૨/૦૮/૨૦૦૯ ના રોજ સમર્પણ હોસ્પીટલ,યોગી ચોક,પુણા સુરત ખાતે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ રાખવામાં આવ્યો હતો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થ ઝોન (કતારગામ)ની કામગીરી

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં, તા. ૨૪/૦૮/૨૦૦૯ નાં રોજ કરવામાં આવેલ "ડીમોલીશન" ની વિગત નીચે પ્રમાણે છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા તરફથી સુરતના મહાન સપૂત, પ્રખર સમાજસુધારક કવિ નર્મદની જયંતિ

સુરત મહાનગરપાલિકા તરફથી સુરતના મહાન સપૂત, પ્રખર સમાજ સુધારક કવિ નર્મદની જયંતિ નિમિત્તે તા. ૨૪–૦૮–૨૦૦૯ ના રોજ સવારે ૯.૦૦ કલાકે ગાંધીબાગ, ચોકબજાર સ્થિત કવિ નર્મદની પ્રતિમાને ભાવાંજલિ અર્પણ કાર્યક્રમ પ્રસંગે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓ માટે "રેકર્ડ મેનેજમેન્ટ" અંગેની અર્ધ દિવસીય તાલીમનો એક કાર્યક્રમ

ગુજરાત રાજય અભિલેખાગાર, દક્ષિણ વર્તુળ કચેરી, વડોદરા ધ્વારા સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓ માટે "રેકર્ડ મેનેજમેન્ટ" અંગેની અર્ધ દિવસીય તાલીમનો એક કાર્યક્રમ તા. ૨૧–૦૮–૦૯ ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે રાખવામાં આવ્યો હતો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## આરોગયખાતાના માર્કેટ વિભાગ અને લીંબાયત ઝોનના સંયુકત સ્ટાફની કામગીરી

સુરત મહાનગરપાલિકાના આરોગ્ય ખાતાના માર્કેટ વિભાગ અને લીંબાયત ઝોનના સંયુકત સ્ટાફ ધ્વારા લીંબાયત પોલિસ સ્ટાફની હાજરીમાં પરવટ, ગોડાદરા વિસ્તારમાં આવેલ બજરંગનગર ચાર રસ્તા પાસે જય જલારામ સોસાયટી, કલ્પના નગર સોસાયટી રોડ તથા મહારાણા પ્રતાપનગર ચાર રસ્તા પાસેના વિસ્તારમાં સરિયામ રસ્તા ઉપર ગેરકાયદેસર રીતે બકરા–મટનની કતલ કરી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ

ચોમાસા દરમ્યાન પ્રતિ સપ્તાહ સુરત મહાનગરપાલિકા દ્વારા આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. જે મુજબ તા. ૨૨/૦૮/૨૦૦૯ ના રોજ સમર્પણ હોસ્પીટલ,યોગી ચોક,પુણા સુરત ખાતે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ રાખવામાં આવ્યો હતો.

આ પ્રસંગે શાસક પક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલ,આરોગ્ય સમિતિના અધ્યક્ષા શ્રીમતી વીણાબેન નાણાવટી, રૂગ્ણાલય,વૈદકીય રાહત અને તંદુરસ્તી વર્ધક સમિતિના અધ્યક્ષા શ્રીમતી રંજનબેન સરતાનપુરા, પુણા વિસ્તારના મ્યુનિ.સદસ્ય શ્રીમતિ દર્શીનીબેન કોઠીયા,શ્રી વિનુભાઈ ઝાલાવાડીયા,શ્રી અરવિંદભાઈ ગોયાણી, આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશનર(હેલ્થ એન્ડ હોસ્પીટલ) ડો.હેમંત દેસાઈ,વરાછા ઝોનના કાર્યપાલક ઈજનેર શ્રી ડી. એમ. જરીવાલા, શ્રી બી.આઈ.દલાલ, નાયબ આરોગ્ય અધિકારી ડો. કલ્પેશ ખત્રી, ડો. વી. વી. પરમાર, ડો. કે. એ. શ્રોફ, સ્મીમેર હોસ્પીટલના વિવિધ રોગના નિષ્ણાંત, સમર્પણ હોસ્પીટલના ટ્રસ્ટી, ડો. વીરાણી, પુણા/ કરંજ શહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસર તથા અન્ય અધિકારી / કર્મચારીઓ હાજર રહયા હતા.

આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશનરશ્રી(હેલ્થ એન્ડ હોસ્પીટલ)ડો હેમંત દેસાઈએ કાર્યક્રમ સંબધી જાણકારી આપી હાજર રહેલ આમંત્રિતો તથા લાભાર્થીઓનું સ્વાગત કર્યુ હતુ. પ્રાસંગિક પ્રવચનમાં ,જણાવ્યુ હતુ કે,હાલમાં સ્વાઈન ફલુ ને કારણે નાગરીકોમાં ભય જોવા મળે છે ,પરંતુ સ્વાઈન ફલુથી ગભરાવાની જરૂર નથી.સરકાર તથા મહાનગરપાલિકા આ બાબતે જાગૃત તથા કાર્યરત છે. સ્વાઈન ફલુ બાબતે તકેદારી રાખવા,આપવામાં આવતી સુચનાઓનો અમલ કરવા જણાવ્યુ હતુ તેમજ મેડીકલ કેમ્પ ખાતે યોજવામાં આવતા આરોગ્યલક્ષી પ્રદર્શન નિહાળી રોગ વિષેની જાણકારી મેળવવા સુચન કર્યુ હતુ.

આરોગ્ય સમિતિના અધ્યક્ષા શ્રીમતિ વીણાબેન નાણાવટીએ પ્રાસંગિક પ્રવચનમાં, સુરત શહેરને રોગ મુકત બનાવવા મહાનગરપાલિકા તરફથી આવા કેમ્પો યોજવામાં આવે છે તે સરાહનીય છે તેમ જણાવી નાગરિકોને સ્વચ્છતા પરત્વે વધુ સજાગ થવા તથા રોગચાળો ન થાય તે માટે કાળજી રાખવા તેમજ સ્વાઈન ફલુ બાબતે સાવચેત રહીને તકેદારી રાખવા જણાવ્યુ હતુ.

શાસક પક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતુ કે, સરકાર તરફથી વિવિધ આરોગ્યલક્ષી યોજનાઓ કરવામાં આવી છે.સુરત મહાનગરપાલિકા શહેરીજનોની સુખાકારી માટે જાગૃત છે જેથી દરેક ઝોનમાં વિના મૂલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ યોજવામાં આવે છે તથા તેમાં નિષ્ણાંત ડોકટરો મારફતે નિદાન કરી સારવાર આપવામાં આવે છે.સારવાર માટેના અધ્યતન સાધનો મહાનગરપાલિકાની સ્મીમેર હોસ્પીટલ ખાતે ઉપલબ્ધ છે જેથી સ્મીમેર હોસ્પીટલ તેમજ મહાનગરપાલિકાના જુદા જુદા હેલ્થ સેન્ટર તથા મેડીકલ કેમ્પનો લાભ લેવા રહીશોને જણાવ્યું હતુ.સ્વાઈન ફલુ બાબતે લોકોમાં જનજાગૃતિ કેળવી સાવચેતી રાખવા સૂચન કર્યુ હતુ.

આ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી. મેડીકલ કેમ્પનો યોગી ચોક,પુણા તથા આજુ બાજુ વિસ્તારના ૫૭૫ લાભાર્થીઓએ લાભ લીધો હતો. જેમાં આંખના નિષ્ણાત દ્વારા ૮૦ ,ચામડીના નિષ્ણાત દ્વારા ૧૨૭ ,સ્ત્રીરોગ નિષ્ણાત દ્વારા ૫૪ ,બાળરોગ નિષ્ણાત દ્વારા ૭૨ , ફિઝીશયન દ્વારા ૨૦૫ , સર્જન દ્વારા– ૩૭ દ્વારા દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. લેબ. ટેકનીશીયન દ્વારા ૧૧ તાવના દર્દીઓના લોહીના નમુના લેવામા આવ્યા હતા ૩૦૦ ઓ.આર.એસ. પેકેટસનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. ૧૮૭ દર્દીઓને વિશીષ્ટ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ, નવી સીવીલ હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે પાણી જન્ય,પાણી સંલગ્ન, એઈડઝ, ટી.બી., મેલેરીયા વિ.રોગ અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તથા પોતાના વિભાગ વિષે જાણકારી આપી ૩૧૦૦ પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. વાહકજનિક રોગ નિયંત્રણ વિભાગ દ્વારા વિવિધ મચ્છરોની લાઈફ સાયકલનું લાઈવ ડેમોસ્ટ્રેશન કરવામાં આવ્યુ હતુ.કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો નિરોધ ૨૦૦ , ઓરલ પીલ્સ ૧૦ પેકેટ, ૬૦ આયર્ન ફોલીક એસીડ ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.રસીકરણ વિભાગ દ્વારા ૪ બાળકોને ડીપીટી,પોલીયો અને ઓરીની રસી આપવામાં આવી હતી તથા ૨૦૦૦ કલોરીન ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

આ ઉપરાંત વિવિધ ઝોનમાં શહેરી આરોગ્ય કેન્દ્રો દ્વારા જુદા જુદા વિસ્તારમાં રાખવામાં આવેલ કેમ્પોમાં ૫૨૫ લાભાર્થીઓએ લાભ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન મ્યુ.કમિશનર કુ.એસ.અપર્ણાના આદેશાનુસાર આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશનર(હેલ્થ એન્ડ હોસ્પિટલ) ડાૅ હેમંત દેસાઈના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

TOP

## નોર્થ ઝોન (કતારગામ)ની કામગીરી

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં, તા. ૨૪/૦૮/૨૦૦૯ નાં રોજ કરવામાં આવેલ "ડીમોલીશન" ની વિગત નીચે પ્રમાણે છે.

ટી.પી. સ્કીમ નં. ૨૫ (સીંગણપોર–ટુંકી), રે.સ.નં.૧૫૦, ફા. પ્લોટ નં. ૩૧, સીંગણપોર કોઝવે રોડ ઉપર આવેલ નંદનવન સોસાયટીના સબ પ્લોટ નં. ૧૭૮ –બી/ઉત્તર દિશામાં આવેલ સી.ઓ.પી.માં મિલકતદાર ધ્વારા ચણતરની દિવાલ આર.સી.સી. સ્લેબ, કોલમ તથા બીમનું આશરે ૫૪૪ ચો.ફુટ નું ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં આવેલ છે.

TOP

## સુરત મહાનગરપાલિકા તરફથી સુરતના મહાન સપૂત, પ્રખર સમાજસુધારક કવિ નર્મદની જયંતિ

સુરત મહાનગરપાલિકા તરફથી સુરતના મહાન સપૂત, પ્રખર સમાજ સુધારક કવિ નર્મદની જયંતિ નિમિત્તે તા. ૨૪–૦૮–૨૦૦૯ ના રોજ સવારે ૯.૦૦ કલાકે ગાંધીબાગ, ચોકબજાર સ્થિત કવિ નર્મદની પ્રતિમાને ભાવાંજલિ અર્પણ કાર્યક્રમ પ્રસંગે સાંસદ શ્રીમતિ દર્શનાબેન જરદોષ, સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ, શાસકપક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલ, કમિશનરશ્રી કુ.એસ.અપર્ણા, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતિ સ્વાતિબેન ભટ્ટ , ન. પ્રા. શિક્ષણ સમિતિના અધ્યક્ષશ્રી રૂપીનભાઈ પચ્ચીગર, અન્ય સમિતિના ચેરમેનશ્રીઓ, સદસ્યશ્રીઓ તથા અધિકારીશ્રીઓ, નર્મદ યુગાવર્ત ટ્રસ્ટના ટ્રસ્ટીઓ, નગરજનોએ ઉપસ્થિત રહી વીર કવિ નર્મદની પ્રતિમાને સૂતરની આંટી પહેરાવી વંદના કરી હતી. આ પ્રસંગે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાના શિક્ષકો તેમજ વિદાર્થીઓએ કવિ નર્મદના '' જય જય ગરવી ગુજરાત '' અને બીજા અનેક ગીતો ગાઈને કવિ નર્મદને સ્વરાંજલિ અર્પી હતી.

TOP

## સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓ માટે "રેકર્ડ મેનેજમેન્ટ" અંગેની અર્ધ દિવસીય તાલીમનો એક કાર્યક્રમ

ગુજરાત રાજય અભિલેખાગાર, દક્ષિણ વર્તુળ કચેરી, વડોદરા ધ્વારા સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓ માટે "રેકર્ડ મેનેજમેન્ટ" અંગેની અર્ધ દિવસીય તાલીમનો એક કાર્યક્રમ તા. ૨૧–૦૮–૦૯ ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે રાખવામાં આવ્યો હતો. દક્ષિણ ગુજરાતના ૧૦ જિલ્લાઓની રાજય સરકારની તમામ તેમજ સ્થાનિક સ્વરાજની કચેરીઓમાં રેકર્ડ અંગે જરૂરી માર્ગદર્શન આપવાનું અગત્યનું કાર્ય અભિલેખાગારની આ કચેરી ધ્વારા કરવામાં આવે છે. રેકર્ડ મેનેજન્ટના આ તાલીમ કાર્યક્રમ અંતર્ગત સુરત મહાનગરપાલિકાના વિવિધ ઝોન તથા ખાતાઓના લગભગ ૬૦ કર્મચારીઓને રેકર્ડ અંગેની તાલીમ આપવાનું આયોજન કરવામાં આવ્યુ હતું.

આ તાલીમ કાર્યક્રમ અંતર્ગત રેકર્ડની યોગ્ય જાળવણી તથા વ્યવસ્થા માટે રેકર્ડ વર્ગીકરણ યાદીઓ તૈયાર કરવી, રેકર્ડનું મૂલ્યાંકન કરવુ, રેકર્ડની અગત્યતા મુજબ કયો રેકર્ડ કેટલા વર્ષ સાચવવાનો છે તે મુજબ વર્ગીકરણ કરી, યાદીઓ બનાવી તેને યોગ્ય રીતે પોટલાઓમાં બાંધી રેકર્ડ વિભાગમાં જમા કરાવવો, બિનજરૂરી રેકર્ડને વીણી કાઢી તેનો નાશ કરવા અંગેની કામગીરી, રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ અ ૨૦૦૫ મુજબ જાહેર જનતાની માંગણી આવ્યેથી જેતે રેકર્ડની નકલો નાગરિકોને પૂરી પાડવાની હોય તે સંબંધી રેકર્ડની અગત્યતા વિગેરે વિષયો ઉપર આ તાલીમ કાર્યક્રમમાં વિગતે પ્રકાશ પાડવામાં આવ્યો હતો. પ્રશ્નોત્તરી સેશન દરમ્યાન તાલીમાર્થી કર્મચારીઓ ધ્વારા વિવિધ મુદ્દાઓ અંગે પ્રશ્નો પૂછી તેઓને દફતર વ્યવસ્થાપનમાં પડતી તકલીફો અંગે નિરાકરણ મેળવ્યુ હતું. આમ આ તાલીમ મહાનગરપાલિકાના અગત્યના રેકર્ડોની જાળવણી તથા વર્ગીકરણ માટે ઉપયોગી થઈ પડશે. ગુજરાત રાજય અભિલેખાગાર, દક્ષિણ વર્તુળ કચેરી, વડોદરાના અધિક્ષક શ્રી જીતેન્દ્ર ભાઈ શાહ તથા ગાંધીનગર કચેરીના કચેરી અધિક્ષક શ્રી એ.એસ. જાદવએ રેકર્ડ મેનેજમેન્ટની તાલીમમાં ઉપયોગી માર્ગદર્શન પુરુ પાડયું હતું.

TOP

## આરોગ્યખાતાના માર્કેટ વિભાગ અને લીંબાયત ઝોનના સંયુકત સ્ટાફની કામગીરી

સુરત મહાનગરપાલિકાના આરોગ્ય ખાતાના માર્કેટ વિભાગ અને લીંબાયત ઝોનના સંયુકત સ્ટાફ ધ્વારા લીંબાયત પોલિસ સ્ટાફની હાજરીમાં પરવટ, ગોડાદરા વિસ્તારમાં આવેલ બજરંગનગર ચાર રસ્તા પાસે જય જલારામ સોસાયટી, કલ્પના નગર સોસાયટી રોડ તથા મહારાણા પ્રતાપનગર ચાર રસ્તા પાસેના વિસ્તારમાં સરિયામ રસ્તા ઉપર ગેરકાયદેસર રીતે બકરા–મટનની કતલ કરી તેના માંસનું વેચાણ કરતા ૦૭ (સાત) ઈસમોને સ્થળ ઉપરથી પકડી પાડવામાં આવ્યા હતા. તેઓ પાસેથી ૮૦ કિ.ગ્રા. માંસનો જથ્થો તેમજ ઉપયોગમાં લેવામાં આવતી સાધન સામગ્રી જપ્ત કરવામાં આવી હતી. જપ્ત કરવામાં આવેલ માંસના જથ્થાનો જંતુનાશક દવાનો છંટકાવ કરાવી નાશ કરવામાં આવ્યો હતો. આ ઈસમો પાસેથી રૂા. ૩૫૦૦/– વહીવટીખર્ચ પેટે વસુલ લેવામાં આવ્યા હતા તેમજ તેઓની સામે ઘી.બી.પી.એમ.સી. એકટની જોગવાઈ હેઠળ કાર્યવાહી કરવામાં આવેલ છે. સદર ગુનાહિત કૃત્ય કરનાર સાત ઈસમોના નામ–સરનામાની વિગત જણાવ્યા મુજબ છે (૧) શરીફ ઐયુબ કુરેશી, ૧૬૪, જયજલાનગર સોસાયટી, ગોડદરા (૨) ઉમર મહેસુદ બજરંગનગર ચાર રસ્તા, પરવટ (૩) શ્રી ભગવાન ચૌધરી, બજરંગનગર ચાર રસ્તા, પરવટ (૪) આશીફ શૈખ અલ્લાઉદ્દીન, બજરંગર ચાર રસ્તા, પરવટ (૫) વસીમ કમરૂદ્દીન કુરેશી બજરંગનગર ચાર રસ્તા, પરવટ (૬) ગુલાબ શેખ નબી ખાટકી બજરંગનગર ચાર રસ્તા, પરવટ (૭) શેખ યુસુફ શેખ મહંમદ, બજર.

TOP